રાજ્યભરની શાળાઓમાં ડોનેશન પર પ્રતિબંધ

ખાનગી શાળા મનમાની ફી ઉઘરાવી શકશે નહીં : વાલીઓ અને વિદ્યાર્થીઓને મોટી રાહત : કાયદાનો સત્વરે અમલ કરવા માટે ચુડાસમાએ કરેલી જાહેરાત

ગાંધીનગર, તા.૩૦

રાજયમાં હવે ખાનગી શાળાઓ ડોનેશન કે પોતાની રીતે મનમાની ફી નહી ઉઘરાવી શકે. ગુજરાત સરકારે આજે વિધાનસભામાં ઐતિહાસિક કહી શકાય તેવું ગુજરાત સ્વનિર્ભર શાળા ફી નિયમન વિધેયક પસાર કરી રાજયભરના વાલીઓ અને વિદ્યાર્થીઓને બહુ મોટી રાહતકર્તા નિર્ણય અમલી બનાવ્યો છે. રાજયમાં અનુદાન વગરની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ(સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ)માં બેફામ અને મનસ્વી રીતે શૈક્ષણિક ફી વસૂલાતી હોવા અંગે સરકારને મળેલી ફરિયાદોના કાયમી ઉકેલ રૂપે આજે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધાનસભામાં ધી ગુજરાત સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ(રેગ્યુલેશન ઓફ ફીઝ બીલ-૨૦૧૭) રજૂ કર્યું હતું. આ કાયદાનો સત્વરે અમલ કરવા પણ શિક્ષણમંત્રીએ કટિબધ્ધતા વ્યકત કરી હતી. સ્વનિર્ભર શાળાઓની ફી નિયમન અંગેના આ એકટ હેઠળ નિયમો બન્યા બાદ ઝોન

અને રિવીઝન કક્ષાની સમિતિ તેમ જ તેના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂંક કરાશે. જે સમગ્ર પરિસ્થિતિનું મોનીટરીંગ કરશે. નવા વિધેયકમાં પ્રાથમિક શિક્ષણમાં વાર્ષિક રૂ.૧૫ હજાર, માધ્યમિક શિક્ષણ માટે વાર્ષિક રૂ.૨૫ હજાર અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ માટે વાર્ષિક રૂ.૨૭હજાર જેટલી ફીનું ધોરણ નકકી કરવામાં આવ્યું છે. આ નિયત ફીથી વધુ ફી ઉઘરાવવા માટે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે રાજય સરકારે નીમેલી ફી નિર્ધારણ સમિતિ સમક્ષ રજૂઆત કરવાની રહેશે અને એ રજૂઆત દરમ્યાન પણ સંચાલક મંડળે ફી વધારાનું વાજબીપણું સાબિત કરવાનું રહેશે. સરકાર દ્વારા ફી નિર્ધારણ માટે અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત એમ ચાર ઝોનમાં ફી રેગ્યુલેટરી કમીટીની રચના કરાશે. નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ અથવા અધિક જિલ્લા ન્યાયાધીશના વડપણ હેઠળ રચાનારી સમિતિમાં અગ્ર સચિવ કક્ષાના અધિકારી, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રતિનિધિ, સરકારે નિયુકત કરેલા સીએ, માન્ય વેલ્યુઅર, શિક્ષણશાસ્ત્રી સહિતના સભ્યો રહેશે.

ઐતિહાસિક વિધેયકમાં શું

- સ્વનિર્ભર શાળાઓ હવે પોતાની મનમાની કે બેફામ ફી નહી ઉઘરાવી શકે
- સ્વનિર્ભર શાળાઓના ફી વસૂલવાના એકહથ્થુ શાસનનો અંત આણતી રાજય સરકાર
- સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ માટે વાર્ષિક ૧૫૦૦૦ ફી
- સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ માટે વાર્ષિક૨૫૦૦૦ ફી
- સ્વનિર્ભર ઉ.મા.શાળાઓ માટે વાર્ષિક રૂ.૨૭૦૦૦ ફી નિયત
- તેનાથી વધુ ફી શાળાઓ પોતાની રીતે ઉઘરાવી શકશે નહી
- વધુ ફી નિર્ધારણ માટે સરકાર ફી રેગ્યુલેટરી કમીટી બનાવશે
- ફી વધારવી હશે તો પણ સંચાલકોએ વાજબીપણું સાબિત કરવું પડશે
- ફી અંગેના કાયદાનો ભંગ કરનાર શાળાને પ્રથમવાર રૂ.પાંચ લાખ સુધીનો દંડ
- બીજી વાર ભંગ કરનાર શાળાઓને રૂ.પાંચથી દસ લાખ સુધીનો દંડ
- જો ત્રીજી વાર કાયદાનો ભંગ કરાશે તો તે શાળાની માન્યતા જ રદ કરાશે
- જરૂર જણાશે તો શાળાની એનઓસી પણ પરત ખેંચાશે.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

આ લોકો કેવા હોશિયાર છે... શિયાળામાં લાઈનમાં ઉભા રહેવાનું કામ પતાવી દીધું... આપણે હોત તો...!!

સે-૫/સી ખાતે કલેહર માતાજીનો દ્વિતિય પાટોત્સવ ધામધુમથી ઉજવાશે

મંદિરે ચાર દિવસ સુધી વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના આંગણે સેકટર-૫ સી ખાતે આવેલ શ્રી કલેહર માતાજી મંદિરનો દ્વિતિય પાટોત્સવ ધામધુમથી ઉજવાશે. મંદિર પરિસર ખાતે વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આગામી તા.૧ થી ૪ એપ્રિલ દરમિયાન નિર્વાણકોટિ મહાયજ્ઞ, નવચંડી યજ્ઞ સહિત ફુલોના ગરબા અને ડાયરાનો સમાવેશ થાય છે. સેકટર-૫ ખાતે કલેહર માતાજીના પાટોત્સવ પ્રસંગે આયોજીત વિવિધ ધાર્મિક કાર્યક્રમોને પગલે મંદિર પરિસરમાં ધાર્મિક વાતાવરણનો અનોખો માહોલ સર્જાશે.

ગાંધીનગર શહેરના સેકટર-૫ સ્થિત કલેહર માતાજીના દ્વિતિય પાટોત્સવ પ્રસંગેવિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં તા.૧ એપ્રિલના રોજ સવારે ૮ કલાકે નિર્વાણકોટિ મહાયજ્ઞનો પ્રારંભ, સવારે ૧૦ કલાકે માતાજીના જન્મદિવસની ઉજવણી ભાવિભકતો દ્વારા કરવામાં આવશે તેમજ રાત્રે ૮ કલાકે કસુંબલ ડાયરાનું યોજાશે.જેમાં ભરત પ્રજાપતિ અને કૌશિક ભોજક રંગ જમાવશે. બીજા દિવસે તા.૨ એપ્રિલના રોજ સવારે ૮ કલાકે નિર્વાણ કોટિ મહાયજ્ઞ તેમજ સાંજે ૭.૩૦ કલાકે ફુલોના ગરબા યોજાશે. તા.૩ એપ્રિલના રોજ સવારે ૮ કલાકે નિર્વાણકોટિ મહાયજ્ઞ તેમજ સાંજે ૭.૩૦ કલાકે માતાજીની ગરબી તથા ભજનનો કાર્યક્રમ યોજાશે.

જયારે તા.૪ એપ્રિલના રોજ સવારે ૧૦ કલાકે નિર્વાણકોટિ મહાયજ્ઞની પૂર્ણાહૂતિ થશે. ત્યારબાદ સવારે ૧૦.૩૦ કલાકે નવચંડી યજ્ઞનો પ્રારંભ થશે. જયારે સાંજના ૪.૩૦ કલાકે નવચંડી યજ્ઞમાં શ્રીફળ હોમાશે. ત્યારબાદ સાજે બંન્ને મહાયજ્ઞ અને નવચંડી યજ્ઞના સમાપન બાદ ભોજન પ્રસાદનુંઆયોજન ભકતો માટે કરવામાં આવ્યુંછે. સેકટર-૫ કલેહર માતાજીના પાટોત્સવ પ્રસંગે દર્શનનો લાભ લેવા કલેહર માતાજી યુવક મંડળ અને વ્હાલા ભકતજનો તરફથી અનુરોધ કરાયો છે.

આજે જિલ્લા કોંગ્રેસ કારોબારી બેઠક

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત કહે છે... કોંગ્રેસ આવે છે... ના ધ્યેયને બુલંદ બનાવી ''એક જ લક્ષ્ય-૨૦૧૭ નવ સર્જન ગુજરાત'' ના સ્વપ્રને સાકાર કરવા ગમે તે ઘડીએ આવી પડનારી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પડકારને ઝીલવા કાર્યકરોમાં નવું જોમ અને જુસ્સો પુરૂ પાડવા માટે આગામી તા. ૩૧મી માર્ચ શુક્રવારના રોજ બપોરે ૩:૩૦ કલાકે રામદેવપીર મંદિર હોલ, બસ સ્ટેન્ડ પાસે, પેથાપુર ખાતે જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે તેમજ પ્રદેશ ઝોન પ્રભારી લાખાભાઈ ભરવાડ, પ્રદેશ ઉપપ્રમુખ અને વરિષ્ઠ આગેવાન બાલુભાઈ પટેલ, જીલ્લા નિરીક્ષકો સર્વ બળવંતસિંહ રાજપૂત, રમેશભાઈ દેસાઈ, જયપ્રકાશ ઠાકર, વિધાનસભા નિરીક્ષકો સર્વ જે.એમ. ત્રિવેદી, અરૂણભાઈ પટેલ, અરવિંદસિંહ ચૌહાણ, મનિષભાઈ મકવાણાની વિશેષ ઉપસ્થિતીમાં યોજાનાર છે. જેમાં જીલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો સહિત ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડ, જિ.પ. પ્રમુખ રામાજી ઠાકોર, જશુભા રાણા, નિશિત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ.સી.જે. ચાવડા, બાબુસિંહ ઠાકોર, હરીભાઈ ચૌધરી, જુગાજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, ડૉ. કૌશિક શાહ, શૈલેન્દ્રસિંહ બિહોલા સહિત શહેર-તાલુકા-જિલ્લા કોંગ્રેસના પદાધીકારીઓ, ચૂંટાયેલા તમામ સદસ્યો, ફન્ટલ ઓર્ગેનાઈઝેશન-સેલ-ડિપાર્ટમેન્ટના પદાધીકારીઓ ઉપસ્થિત રહેશે.

જેથી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના તમામ આગેવાનો અને અપેક્ષિત આગેવાનોએ સમયસર અચુક હાજર રહેવા જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં મહામંત્રી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે.

ગાંધીનગરના બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા બીએસવીએસ સેન્ટર ખાતે લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થામાંથી તાલીમ પામેલ બેરોજગાર ઉમેદવારોને સ્વરોજગારી માટે જરૂરી બેંક ધિરાણ તથા લોન યોજનાઓ અંગેની માહિતી આ લોનમેળામાં આપવામાં આવી હતી તથા સ્થળ પર જ તેમની લોન અરજીઓ પણ સ્વીકારવામાં આવી હતી. આ પ્રસંગે બેંકના લીડ મેનેજર અતુલસિંહ જેતાવત, એફએલસી પ્રવિણચંદ્ર પંડ્યા, બીઓબી રિજિયન અધિકારી જિતેન્દ્ર પ્રજાપતિ ઉપરાંત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અધિકારીઓ તથા સ્થાનિક બેંક મેનેજરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના નિયામક જી.જે. ચૌહાણે વિવિધ તાલીમ કાર્યક્રમો અંગે જાણકારી આપી હતી.

બ્રહ્માકુમારીઝ ઉર્જાનગર ખાતે સ્વાસ્થ-સમૃદ્ધિ અને ખુશી આધારિત ત્રિ-દિવસીય કાર્યક્રમ

કાર્યક્રમનું ઉદ્ઘાટન મહેસુલ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા કરશે

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં ઉર્જાનગર-૧ ખાતેના પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય દ્વારા સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને ખુશીના રહસ્ય અંગે ત્રિદિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન રાજ્યના મહેસુલ અને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમ તા. ૧લી એપ્રિલે રાત્રે ૮ કલાકે યોજાશે.

આ ત્રિ દિવસીય કાર્યક્રમ માટે ટ્રેનર તથા કાઉન્સેલર પ્રો. ઈ.વી. ગીરીશ પધારશે. જેઓ વર્તમાન સમયે ખૂબ જ જરૂરી એવા વિષયોની છણાવટ સાથે તાલીમ આપશે. આ વિષયોમાં 'અપને અંદર કે હિરે કો પહચાનિયે', સંબંધોમે મધુરતા, સ્નેહપૂર્ણ જીવન જીને કી કલા, સ્વાસ્થ્ય આપકે હાથો મેં, સકારાત્મક ચિંતન તથા બચ્ચો કો પાલને કી કલા વગેરેનો સમાવેશ કરાયો છે. આ ત્રિ દિવસીય કાર્યક્રમમાંતા, ૧લી એપ્રિલે રાત્રે ૮ થી ૯.૩૦ કલાકે, તા. ૨જી તથા ૩જી એપ્રિલના રોજ સવારે ૬.૩૦ થી ૮ અને રાત્રે ૮ થી ૯.૩૦ કલાકે યોજાશે. કાર્યક્રમ જાહેર જનતા માટે નિઃશુલ્ક હોવાથી તેનો મહત્તમ લાભ લેવા સેવા કેન્દ્રના સંચાલિકા બી.કે. રંજનબેને અનુરોધ કર્યો છે.

હોસ્પિટલમાં સોનોગ્રાફી માટે દર્દીઓનું એક માસનું વેઈટીંગ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દથી કણસી રહેલા દર્દીઓ સોનોગ્રાફી માટે આવે તો તેઓને ૨૦ દિવસ પછીની તારીખ આપવામાં આવી રહી છે. સોનોગ્રાફીના દર્દીઓ વધુ આવતા હોવાથી વેઈટીંગ લીસ્ટ લાબું લચક છે. ત્યારે કેટલાક દર્દીઓ સોનાગ્રાફીની તારીખ સાંભળતા જ ભાગી જાય છે. ત્યારે સોનોગ્રાફીમાં વેઈટીંગ લીસ્ટ ઓછું થાય તે માટે દર્દીઓ કાગડોળે રાહ જોઈને બેઠા છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. શહેરી વિસ્તાર સહિત આસપાસમાંથી મોટીસંખ્યામાં વિવિધ રોગના દર્દીઓ આવતા ઓપીડીમાં લાંબી લાઈનો લાગે છે.ત્યારે સૌથી વધુ પેટ સબંધિત રોગથી પિડાતા દર્દીઓને ડોકટર દ્વારા સોનોગ્રાફી કરાવવામાં આવે છે. પરંતુ દર્દી જયારે સોનોગ્રાફી માટે પહોંચે ત્યારે તેનો કેસ લઈને અંદર તારીખ નાંખીને પાછો મોકલી આપવામાં આવે છે. દર્દીને વેઈટીંગ ચાલે છે સોનોગ્રાફીમાં... આ સાંભળી ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલ દર્દી સોનોગ્રાફી વગર પાછો ફરે છે. જયારે તંત્રની મુસીબત એ છે કે સોનોગ્રાફી મશીન તો કુલ ૪ છે પરંતુ રેડીયોલોજીસ્ટ ડોકટર માત્ર બે છે. જયારે સોનોગ્રાફી માટે રોજના અંદાજે ૭૦ થી વધુ દર્દીઓ આવે છે. તેથી દરેક દર્દીની સોનોગ્રાફી જે તે દિવસે શકય ન હોવાથી દર્દીઓને તારીખ આપવામાં આવે છે. જયારે સોનોગ્રાફી માટે સૌથી વધુ સગર્ભા મહિલાઓ લાઈનમાં બેઠી હોય છે. આ અંગે હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.બિપિન નાયકને પુછતા તેઓએ જણાવ્યું કે સગર્ભા મહિલાઓને સોનોગ્રાફીની સૌથી વધુ જરુર હોય છે. પરંતુ જયારે કોઈ મહિલા દર્દીમાં એકસપર્ટ ઓપીનીયનની જરુર હોય ત્યારે રેડીયોલોજી ડોકટર દ્વારા સોનોગ્રાફી કરાવાય છે. જેથી સોનોગ્રાફી વિભાગમાં કામ વધુ હોવાથી દર્દીઓને તારીખ આપવામાં આવે છે. પરંતુ દર્દીઓની સોનોગ્રાફી જે તે દિવસે થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છે. ટુંક સમયમાં એક મશીન પણ નવું આવશે તેમજ ખુટતા સ્ટાફની પણ ભરતી કરવામાં આવનાર છે. દર્દીઓને સોનોગ્રાફી માટે લાંબી લાઈનમાં બેસી રહેવું ના પડે તે માટે હોસ્પિટલ તંત્ર દ્વારા યોગ્ય જોગવાઈ કરવામાં આવશે.

બિનપરંપરાગત ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે 'જેડા'ને એવોર્ડ

ગાંધીનગર, તા. ૩૦

બિન પરંપરાગત ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (જેડા)ને રાષ્ટ્રીય કક્ષાનો 'ભારત ગૌરવ પુરસ્કાર' પ્રાપ્ત થયો છે. જેડાના નિયામક જે.ટી. અખાણીએ રાજ્ય સરકાર વતી આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

દૈનિક ભાસ્કર ગ્રુપ દ્વારા પ્રતિવર્ષ જુદા-જુદા ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે ઈન્ડિયા પ્રાઈડ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭ માં બિનપરંપરાગત ઊર્જા ક્ષેત્રે ક્લાઈમેટ ચેઈન્જ વિભાગ હસ્તક ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (જેડા) દ્વારા થયેલ ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાને લઈને ભારત ગૌરવ પુરસ્કાર તાજેતરમાં નવી દિલ્હી ખાતે મનોજ સિંન્હા, મંત્રી (રેલ્વે અને સંદેશાવ્યવહાર)ના હસ્તે એનાયત કરવામાં આવેલ છે.

બિનપરંપરાગત ઊર્જાના ક્ષેત્રે ખાસ કરીને પવન ઉર્જા ક્ષેત્રે અગાઉના વર્ષોના તમામ રેકર્ડ તોડીને ચાલુ વર્ષે ૧૦૦૦ મેગાવોટ કરતાં પણ વધુ પવન ઊર્જાનું ઉત્પાદન કરવામાં આવેલ છે. અગાઉ ૨૦૧૧-૧૨ના વર્ષમાં સૌથી વધુ પવન ઊર્જાનું ઉત્પાદન ૭૮૬.૨૫ મેગાવોટ થયેલ હતું. જે તમામ રેકર્ડબ્રેક કરીને

રાજ્યના ઈતિહાસમાં ચાલુ વર્ષે સૌથી વધુ પવન ઊર્જા પ્રાપ્ત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સોલાર, બાયોમાસ, મીની હાઈડ્રલ ક્ષેત્રે ઉત્પન્ન થયેલ ઊર્જાને ધ્યાને લેતાં કુલ ૬૦૦૦ મેગાવોટ કરતાં પણ વધુ બિનપરંપરાગત ઊર્જાનું ઉત્પાદન કરવામાં આવેલ છે. જે રાજ્યની કુલ ઊર્જા ઉત્પાદનના આશરે ૨૫ ટકા જેટલું થાય છે. એવોર્ડની પસંદગીમાં એ બાબત પણ ધ્યાને રખાઈ છે કે પરંપરાગત ઊર્જાના ઉત્પાદન સાથે આમ જનતાને સીધી રીતે કઈ રીતે લાભાન્વીત કરવામાં આવેલ છે. ક્લાઈમેટ ચેઈન્જ વિભાગ હસ્તકની વિવિધ બિન પરંપરાગત યોજનાઓમાં વ્યકિતગત યોજનાઓને પણ પૂરતું મહત્વ અપાયું છે. જેમાં બેટરી ઓપરેટેડ વ્હીકલ્સ માટે સબસીડી, ઉંડાણવાળા ગામોમાં "Improved Crematroia" નું સ્થાપન, શાળા-કોલેજોની હોસ્ટેલ્સ, આશ્રમશાળાઓ તથા તીર્થસ્થાનોના યાત્રિક ગૃહ પર સોલાર વોટર હીટર સીસ્ટમની વ્યવસ્થા ઉભી કરવી, મકાનોની છત પર રેસીડેન્શીયલ સોલાર રૂફટોપની યોજના અન્વયે સબસીડી, બાયોગેસ પ્લાન્ટસની સ્થાપના, પાણી ખેંચવા માટે પવનચક્કીઓ માટે સહાય, સોલાર પંપ વગેરે બાબતોએ પણ ધ્યાન આકર્ષક કરે તેવી કામગીરી રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે. અત્રે એ બાબત પણ નોંધનીય છે કે કલાઈમેટ ચેઈન્જ વિભાગ હસ્તક જેડાને અગાઉના વર્ષમાં પણ બિનપરંપરાગત ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ૧૭ જેટલા રાષ્ટ્રીય પુરસ્કારો પણ પ્રાપ્ત થયા હતા.

રોજગારની સુવર્ણ તક

પાર્ટ ટાઈમ કામ, ડીઝીટલ કોમ્યુનીટી, ઈ-કોમર્સ હેઠળ

Call : 99242 57339
78029 70049

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in